અપીલ અરજી નં.૮૩ તા.૨–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– ડે.કમિશનર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૦–૫–૧૦ ની અરજીથી ટી.પી. સ્કીમ નં.૨૫ (સિંગણપોર–ટંકી) રે.સ. નં.૬૨ ઓ.પી. નં.૩૪ માં આવેલ ભવનાથ સોસાયટી (૧) ઉપરોકત સ્થળે તૈયાર થયેલ સોસાયટીમાં હાલમાં કુલ કેટલા બાંધકામો તૈયાર થયેલા છે? (બાંધકામધારકના નામ, સરનામા આકારણી કઈ કઈ તારીખે થઈ તે સહિતની વિગતવાર માહિતી આપશો વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨–૬–૧૦ ની **SMC/FAP/** નં.૮૩/૨૦૧૦–૧૧

શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૦–૫–૧૦ ની અરજીથી ટી.પી. સ્કીમ નં.૨૫ (સિંગણપોર–ટંકી) રે.સ. નં.૬૨ ઓ.પી. નં.૩૪ માં આવેલ ભવનાથ સોસાયટી (૧) ઉપરોકત સ્થળે તૈયાર થયેલ સોસાયટીમાં હાલમાં કુલ કેટલા બાંધકામો તૈયાર થયેલા છે? (બાંધકામધારકના નામ, સરનામા આકારણી કઈ કઈ તારીખે થઈ તે સહિતની વિગતવાર માહિતી આપશો વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે ડે.કમિશનર (૫ અને ઈ) અને જાહેર માહિતિ અધિકારી કતારગામ ઝોનના પત્ર નં.એન.ઝેડ/આ./૧૪૫૧ તા.૩૧/૫/૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૨૭ તા.૯–૬–૧૦ થી ડે.કમિશનર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૧૦૫૪ તા.૬–૬–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારે આપેલ માહિતી અંગેના પત્ર નં.એન.ઝેડ/આ.નં.૧૪૫૧ તા.૩૧–૫–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૦–૫–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૧૪૫૧ તા.૩૧–૫–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ. જેના મળેલા પ્રતિભાવથી નારાજ થઈ અરજદારે તા.૨–૬–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. મુદ્દા નં. (૧) ટી.પી. સ્કીમ નં.૨૫ (સિંગણપોર–ટંકી) રે.સ. નં.૬૨ ઓ.પી. નં.૩૪ માં આવેલ ભવનાથ સોસાયટીના સ્થળે તૈયાર થયેલ સોસાયટીમાં હાલમાં કુલ કેટલા બાંધકામો તૈયાર થયેલા છે? (બાંધકામધારકના નામ, સરનામા આકારણી કઈ કઈ તારીખે થઈ તે સહિતની વિગતવાર માહિતી આપશો. મુદ્દા નં.(૨) ભવનાથ સોસા.માં તૈયાર થયેલ બાંધકામો પૈકીના કેટલા બાંધકામો મંજુર પ્લાન મુજબના છે તથા કેટલા બાંધકામો મંજુર પ્લાન વિરુધ્ધના છે? મંજુર પ્લાન વિરુધ્ધના બાંધકામધારકો વિરુધ્ધ કતારગામઝોને અત્યાર સુધીમાં શી શી કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. (૩) ભવનાથ સોસા.માં આવેલ અક્ષર પાર્ટી પ્લોટની બાજુમાં આવેલ કોર્નરવાળા બાંધકામમાં હાલમાં મિનરલ વોટરનો પ્લાન્ટ ધમધમી રહયો છે તો આ પ્લાન્ટ શરૂ કરવા પૂર્વે પ્લાન્ટધારકે કતારગામઝોનમાંથી આ મિલ્કતમાં પ્લાન્ટ શરૂ કરવા અંગેની પરમીશન લીધી હતી કે કેમ? જો લીધી હોય તો તે પરમીશન પત્રની નકલો આપશો અને જો પરમીશન લીધી ના હોય તો આ પ્લાન્ટધારક વિરુધ્ધ અત્યાર સુધીમાં કતારગામઝોને શી શી કાર્યવાહી કરી તેની નકલો તથા આ પ્લાન્ટ ધારકને આપેલ ગુમાસ્તાધારાનું લાયસન્સ તથા આરોગ્ય અંગે લાયસન્સ લીધુ હોય તો તે કયારે લીધુ અને કયા કયા ડોકયુમેન્ટના આધારે લીધુ તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો.આમ અરજદારની મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજીના મુદ્દા નં.૩ પૈકી જે બાબતે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુદ્દા નં.૩ અંગે અંશતઃ માહિતી અરજદારે તો૩૧–૫–૧૦ ના રોજ ભવનાથ સોસા.માં આવેલ અક્ષર પાર્ટી પ્લોટની બાજુમાં મીનરલ વોટર પ્લાન્ટ ચાલે છે તે બાબતે કોઈ નોંધણી ગુમાસ્તાધારા દફતરે ન થયેલ હોવાનો જવાબ પાઠવેલ છે. જે આપેલી માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ તેઓએ અપીલ કરેલ છે. જે અંગે પૂરક વિગતો માં સંસ્થાનું નામઃ– એનર્જીગૃપ, માલિકનું નામ તેજસભાઈ નાગજીભાઈ પાંડવ વિગેરે બે ભાગીદારો, સરનામુંઃ– પ્લોટ નં.આઈ, નવનાથ સોસા., ચંદનગેસ ગોડાઉનની બાજુમાં કોઝવે રોડ, સુરત, કામકાજનો પ્રકારઃ– પેકેજ ડ્રીન્કીંગ વોટર રીસેલ , નોંધણી નંબરઃ– એન.ઝેડ/એસ/સીંગણપોર/૩૧૦૭૫૬, નોંધણી તારીખ ૧૧–૬–૧૦ જણાવેલ છે. આમઅરજદારને અપીલ તબકકે નારાજગી બાબતની માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૫–૧૦ અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી અરજદારની અપીલમાં જણાવેલ વિગતો જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોય અપીલ અંગે અત્રેથી કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો નથી.

નં.આરટીઆઈસેલ/ ડે.કમિશ્નર (જનરલ)
તારીખ : –૭–૧૦ અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન) .. ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,